# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

રેફ નં. તા: ૨૭/૧૧/૨૦૧૯

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# ‘કેનેડાના સસ્કેચવાનમાં રોકાણની તકો’ વિશે ચેમ્બરમાં ઇન્ટરેકટીવ સેશન યોજાયુ

સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા બુધવારે, તા. ૨૭ નવેમ્બર ૨૦૧૯ના રોજ સાંજે ૫:૦૦ કલાકે સમૃદ્ધિ બિલ્ડીંગ, નાનપુરા, સુરત ખાતે ‘કેનેડાના સસ્કેચવાનમાં રોકાણની તકો’ વિશે ઇન્ટરેકટીવ સેશનનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં સસ્કેચવાન સરકારના ટ્રેડ એન્ડ એક્ષ્પોર્ટ મંત્રાલયના ડેપ્યુટી ડાયરેકટર સુશ્રી લીન્ડ્સે કવીકે સસ્કેચવાનમાં વિવિધ ઔદ્યોગિક ક્ષેત્રોમાં રહેલી રોકાણની તકો તથા ઉદ્યોગ સાહસિક શ્રી ઉત્સંગ દેસાઇએ વિદ્યાર્થીઓ માટે કારકિર્દી ઘડતરની તકો વિશે મહત્વનું માર્ગદર્શન આપ્યુ હતુ.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્બોધનમાં જણાવ્યુ હતુ કે, સુરતના ઉદ્યોગકારો કેનેડામાં પણ રોકાણ કરી શકે તેમજ વિદ્યાર્થીઓને શૈક્ષણિક કારકિર્દી ઘડતર માટે યોગ્ય માર્ગદર્શન મળી રહે તે માટે ચેમ્બર દ્વારા આજના સેશનનું આયોજન કરવામાં આવ્યુ હતુ. ચેમ્બર પણ ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રીના ડેવલપમેન્ટ માટે તેમજ સર્વિસિસ પુરી પાડવા માટે કેનેડાની સરકાર સાથે વેપારીક સંબંધો વધુ વિકસાવવા માંગે છે.

ચેમ્બરના ભુતપુર્વ પ્રમુખ શ્રી રોહિત મહેતાએ કાર્યક્રમની રૂપરેખા આપતા જણાવ્યુ હતુ કે કેનેડામાં ટોરેન્ટો, વેન્કુવર અને મોન્ટ્રીયલ શહેરોમાં પણ વેપાર–ધંધાની વિપુલ તકો ઉપલબ્ધ છે. આ બાબતે પણ ઉદ્યોગ સાહસિકોએ વિચાર કરવો જોઇએ.

સસ્કેચવાન સરકારના ટ્રેડ એન્ડ એક્ષ્પોર્ટ મંત્રાલયના ડેપ્યુટી ડાયરેકટર સુશ્રી લીન્ડ્સે કવીકે જણાવ્યુ હતુ કે, ભારતના રોકાણકારો માટે સસ્કેચવાન સરકાર ખૂબ જ ગંભીર છે. ત્યાંની સરકાર રોકાણકારોને શરૂઆતથી લઇને છેલ્લે સુધી માર્ગદર્શન આપીને મદદ કરે છે. સસ્કેચવાનમાં ઇનોવેશન ઇન ટેકનોલોજીમાં ઘણી તકો છે. ખાસ કરીને એગ્રીકલ્ચરમાં રોકાણ કરવાની યુનિક તકો રહેલી છે. અમારે ત્યાં પ્રોટીન સુપર કલસ્ટર ડેવલપ કરવામાં આવ્યા છે. નોર્થ અમેરિકન માર્કેટમાં ખૂબ જ મોટાપાયે ઓર્ગેનીક પી પ્રોસેસિંગ પ્લાન્ટ બનાવવામાં આવ્યા છે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, સસ્કેચવાનમાં રોકાણકારોને ત્યાંની સરકાર કાયદાની જોગવાઇ મુજબ ખેતી માટે જમીન આપે છે. જો ગામમાં ખેતી માટે જમીન લેવાની હોય તો આશરે અઢી લાખ કેનેડીયન ડોલર અને શહેરમાં ખેતી માટે આશરે ત્રણ લાખ કેનેડીયન ડોલરનું રોકાણ કરવાની જરૂર પડે છે. એગ્રીકલ્ચરની સાથે સાથે ડેરી ઇન્ડસ્ટ્રી અને કેટલ ફાર્મિંગ, કેમિકલ, ફોરેસ્ટ્રી, મશીનરી, ટ્રાન્સપોર્ટેશન એન્ડ ઇન્ડસ્ટ્રીયલ ઇકવીપમેન્ટમાં અને ફૂડ એન્ડ બેવરેજ પ્રોસેસિંગમાં રોકાણ કરી શકાય છે. સોલાર પાવર જનરેશન માટે અમારી સરકાર મદદરૂપ થાય છે. રોકાણકારોને સરકાર ટ્રેડીંગ માટે ટ્રેડીંગ આસિસ્ટન્ટ પણ આપે છે. જેથી કરીને રોકાણકારો અટકયા વિના વેપાર કરી શકે છે.

સસ્કેચવાનમાં અભ્યાસ કરીને ઉદ્યોગ સાહસિક બનનાર શ્રી ઉત્સંગ દેસાઇએ જણાવ્યુ હતુ કે, સ્નાતક થયેલા વિદ્યાર્થીઓને ત્યાં વધુ અભ્યાસ માટે ઘણી તકો છે. પોલીટેકનીક કોલેજોમાં ડિપ્લોમા કોર્સિસ અને યુનિવર્સિટીમાં ડીગ્રી કોર્સિસ કરી શકાય છે. એગ્રીકલ્ચર, ગેસ એન્ડ પાવર એન્જીનિયરીંગ અને બિઝનેસમાં માસ્ટર ડીગ્રી મેળવીને કારકિર્દી બનાવી શકાય છે.તેમણે વધુમાં કહયુ કે, કેનેડામાં સોશિયલ કલ્ચર જોવા મળે છે. જો વિદ્યાર્થીઓમાં આવડત છે તો સસ્કેચવાનમાં કારકિર્દી બનાવી શકે છે.

સેશનમાં સુશ્રી લીન્ડ્સે કવીક અને શ્રી ઉત્સંગ દેસાઇએ વિદ્યાર્થીઓ અને રોકાણકારોના વિવિધ સવાલોના સંતોષકારક જવાબ આપ્યા હતા. સેશનમાં ચેમ્બરના એડમિનિસ્ટ્રેશન સેલના હેડ શ્રી અતુલ પાઠકે પ્રાસંગિક વિધી કરી હતી. અંતે ચેમ્બરના માનદ્ ખજાનચી શ્રી શૈલેષ દેસાઇએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ સેશનનું સમાપન થયુ હતુ.